# નાટક : " અગિયારથી પાંચમાં "
## અથવા
## " વિના શિક્ષક નહિ ઉધ્ધાર "

(પાત્રો : મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી, સચિવ અમથાલાલ, સચિવ મફતલાલ, મંત્રી ફોગટલાલ, મંત્રી આત્મારામ, શિક્ષણ નિયામક, ડી.પી.ઓ., તાલુકા કેળવણી નિરીક્ષક, આચાર્ય, શિક્ષકો, બાળકો.) (મુખ્યમંત્રી એ પોતાના અંગત મિત્રો, સલાહકારો, સચિવો, મંત્રીઓ, ની અંગત બેઠક બોલાવી છે.)

મુખ્યમંત્રી: મારા સહોદર, સચિવો અને મંત્રીઓ, હું એવા તે કેવા સુંદર કાર્યો કરુ ? તો મારી પ્રતિષ્ઠા વધે. મારી નામના વધે. બધા વાહ વાહ કરે. હું નંબર વન મુખ્યમંત્રી બનું, કોઈએ ના કર્યા હોય તેવા વિકાસના કામ કરું. તે માટે જુદી જુદી યોજનાઓ વિચારો અને પછી મને કહો. પછી આપણે આદેશો કરીશું. ચાલો... વિચારો.... વિચારો.....

સચિવ અમથાલાલ : ....હં.......હં.... પહેલા તો ગામે ગામ અને નગરોની સાફ સફાઈ જરૂરી છે. તે માટે સ્વચ્છતા અને આરોગ્ય અભિયાન શરૂ કરીએ તો કેવુ રહે ! સાથે પોલીયો અને રસીકરણ પણ ખરું જ.

મુખ્યમંત્રી: અમથાલાલ તમને સરસ વિચાર સુઝી આવ્યો. હા તો તેને માટે સંબંધિત કાર્યકરો અને કર્મચારીઓને આદેશ કરો. ગામ પંચાયતોના સરપંચો અને તેમના સભ્યો તેમજ તલાટીઓને આદેશ કરો જેથી સ્વચ્છતા અભિયાન સંપૂર્ણ થાય.

સચિવ અમથાલાલ : હા હા. સાહેબ હમણાં જ આદેશ કરીએ, ફેકસ જ કરીશું. આઈ.ટી. ના જમાનામાં ફોન નહી. ફેક્સથી આદેશ હુકમ કરીએ.

મુખ્યમંત્રી: . અમથાલાલ તમને જે યોગ્ય લાગે કરો. પણ મારી પ્રતિષ્ઠા- માન- સન્માન, નંબર વન મુખ્યમંત્રી....... બધુ ભુલતા નહી.

સચિવ અમયાલાલ : હા..... સાહેબ..... હા...... તમારા દિવા સ્વપ્ન અમને ખબર જ છે તમે ચિતાં ન કરો. (થોડા સમય પછી)

મુખ્યમંત્રી: મારા વ્હાલા મંત્રીઓ,સચિવો અને સલાહકારો.... પેલા આપણા અભિયાનનું શું થયું. આદેશો કર્યા. હુકમો કર્યા? શુ પરિણામ આવ્યું ?

સચિવ મફતલાલ : કશુંય પરિણામ આવ્યુ નથી. તેને લગતા કર્મચારીઓ રેઢા થઈ ગયા છે. સરપંચ સભ્યો અને તલાટીઓને આવા અભિયાનોમાં રસ નથી. તેમને તો રોડ બનાવવા કે મકાન બનાવવા કે વિધવા સહાય યોજના આપો તો હોંશે હોંશે કામ કરશે.

મુખ્યમંત્રી: તો..... તો...... આપણા અભિયાન શું ? મારા દિવા સ્વપ્નનું શું ?

મંત્રી ફોગટલાલ : ચિંતા ન કરશો. મારી પાસે આઈડિયા છે, તમારું દિવા સ્વપ્ન પુરુ થશે. જે આદેશો અને હુકમો છે તેમાં નામ બદલી દઈએ ?

મુખ્યમંત્રી: નામ બદલી દઈએ મતલબ... મને ખબર ન પડી, મંત્રી ફોગટલાલ, કંઈક ફોડ પડે તેમ બોલો.

મંત્રી ફોગટલાલ : જુઓ... ગામડા અને શહેરના સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો તો અગિયારથી પાંચ ત્યાં હાજરા હોય છે. તેમના નામે આદેશ હુકમો કરી દઈશુ. સ્વચ્છ ગામ કરી નાખશે છોકરાઓને લઈને ગામની સફાઈ, ગામમાં કોઈ નેતાના પુતળા હશે, તેને નવડાવી ધોવડાવીને ચોખ્ખા કરી દેશે. આરોગ્ય અભિયાનમાં પણ પોલિયો પીવડાવવા આરોગ્ય ના કર્મચારી ની સાથે જશે.

શિક્ષણમંત્રી : ...તો...તો... મારા શિક્ષકો ભણાવશે ક્યારે ? ક્યા સમયે કામ કરશે ?

સચિવ મફતલાલ : 'અગિયાર થી પાંચમાં '....  'અગિયાર થી પાંચમાં'....

શિક્ષણમંત્રી : બાળકોને ભણાવશે કયારે ? આમેય આઝાદી વખતે આપણા દેશમાં ૯૦ % લોકો નિરક્ષર હતા. આવુ થશે તો હજુય નિરક્ષર રહેશે.

મુખ્યમંત્રી  : તો..... તો..... મારું દિવાસ્વપ્ન  ક્યારે પુરુ યશે ?

સચિવ અમથાલાલ : હા..... હા..... સાહેબનું દિવા સ્વપ્ન  કયારે પુરુ થશે ? કરી દઈએ આદેશો... આપી દઈએ હુકમો .

મુખ્યમંત્રી : પણ પ્રાથમિક શાળાના શિક્ષકો પેલાઓ ની જેમ ના પાડશે તો... કામ નહી કરે તો......

સચિવ અમથાલાલ : ના નહિ પાડે... સરકાર ના નહિ પાડે.... જરૂર કામ કરશે.. એ તો બિચારા બાપડા છે તેમની ના પાડવાની હેસિયત જ નથી. બસ એક ઈન્ક્રિમેન્ટ અટકાવવાની ધમકી આપો એટલે બકરી બેં થઈ જશે. સીધાદોર સોટી જેવા. ના શેના પાડે તાકાત છે તેની ? સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે ધમ ધમ.. રૂમઝુમ.... રૂમઝુમ.....

સચિવ મફતલાલ : આપણા શિક્ષણમંત્રી બોલ્યા તેની ઉપરથી મને એક યોજના યાદ આવે છે.

મુખ્યમંત્રી :  અરે જલ્દી બોલો યાર, વાર ન કરો... યાર, વાર ન કરો..

સચિવ મફતલાલ : આપણા લોકો આઝાદી પછી બહું નિરક્ષર છે તો તેમને ભણાવવા માટે નો કાર્યક્રમ સૂઝયો છે. સાક્ષરતા કાર્યક્રમ, અનુ સાક્ષરતા કાર્યક્રમ તેથી આગળ પ્રોઢ શિક્ષણ કાર્યક્રમ.

મુખ્યમંત્રી : બહું સરસ બહુ સરસ મફતલાલ તમે તો સરસ મજાની વાત કરી. સાક્ષરતા કાર્યક્રમ.... અનુસાક્ષરતા કાર્યક્રમ..... પ્રોઢ શિક્ષણ કાર્યક્રમ શું તમારી મહાન યોજનાઓ છે બોલો શું કરશું તેના માટે ?

મંત્રી આત્મારામ : (ધીમેથી) મહા યોજના કે મતલબી (તઘલખી) યોજના જે ભણે છે તેને સરખી રીતે ભણવા દેવા નથી. પછી સાક્ષરતા કાર્યક્રમ (મોટેથી..) માનનીય મુખ્યમંત્રી શ્રી તેના માટે એક અલગ ડિપાર્ટમેન્ટ ઉભુ કરો. યુવાન બેરોજગાર ને રોકીને તેમની પાસેથી આ કામ કરાવી શકાય .

મંત્રી ફોગટલાલ : તમે મુરખની જેવી વાત ન કરશો.  આપણા માનનીય મુખ્યમંત્રીને આવા ખોટા ખર્ચા ન પાલવે ઓછા કે નહિવત ખર્ચે યોજનાઓ પાર પાડવાની છે. કરકસરમાં સમજો છો કે નહી ? આપણા મુખ્યમંત્રીશ્રી એ ભૂતકાળમાં શિક્ષકોની ભરતીમાં ૧૦ ટકા કાપ કર્યો છે. ૫૫ થી ૬૫ બાળકો એક વર્ગમાં હોય તોય એક શિક્ષક કાફી છે. તેવી કરકસર કરેલ છે. ગાંધીજીના દેશમાં રહો છો ને સાદગી ની ખબર જ પડતી નથી તમારા જેવા મંત્રી મંડળમાં હોવા જ ન જોઈએ.

મુખ્યમંત્રી : તો... ફોગટલાલ તમે જ કહો ને સાદગી વાળી વાત.

મંત્રી ફોગટલાલ : શિક્ષકોના નામનો હુકમ કરી દો. તેમને જ ભણાવતા આવડે ને ?

શિક્ષણમંત્રી :  આ બધુ કરશે તો મારા શિક્ષકો ભણાશે કયારે ?

મંત્રી ફોગટલાલ : 'અગિયારથી પાંચમાં'. 'अगियार थी पांयमां'.......

મુખ્યમંત્રી : સૌથી પહેલા આ બે યોજનાનો અમલ કરાવો. સ્વચ્છતા-આરોગ્ય અભિયાન અને સાક્ષરતા અભિયાન . ....હવે શરુ થયું છે. મારું દીવા સ્વપ્ન ... (થોડા મહીના પછી)

મુખ્યમંત્રી : મારા ડાહ્યા ડમરા સચિવો. મંત્રીઓ શું થયું આપણી પેલી બે યોજનાનું.

સચિવ મફતલાલ : ફતેહ સરકાર ફતેહ. બાપડા શિક્ષકોએ નોકરી જવાની બીકે બધુ ફટાફટ કરી દીધું. ગાંઠના પૈસા ખર્ચી કામ કરે છે, આપણા કાયદાથી ફફડતા કબૂતરો. ફતેહ થઈ છે.

શિક્ષણમંત્રી : મારા બાળકોના શિક્ષણના ભોગે (કપાળે હાય દઈ નિરાશ બેઠા છે. )

મુખ્યમંત્રી : મારા વ્હાલા સચિવો હવે જલ્દી કોઈ નવી યોજનાઓ વિચારો, બોલો..બોલો... જલ્દી બોલો .

સચિવ અમથાલાલ : ખેડુતોના ઉદ્ધારની એક મહાન યોજના મારા હૈયામાં રમી રહી છે. સરકાર

મુખ્યમંત્રી : તો બોલતા કેમ નથી જલ્દી બોલોને મારા વ્હાલા.

સચિવ અમથાલાલ : 'તાત કૃષિ રથ' નો કાર્યક્રમ એક અનોખી અને અજોડ યોજના " તાત કૃષિ રથ "

મુખ્યમંત્રી: શું સરસ યોજના છે 'તાત કૃષિ રચ' રથ તો અમે ઘણા સાંભળ્યા. ઘોડાવાળો રથ મનોરથ, દશરથ.... આ તો વળી નવો જ રથ 'તાત કૃષિ રથ' કઈ રીતે યોજના પાર પાડશું ? જો જો કાર્યક્રમ ફ્લોપ ના જવો જોઈએ.

સચિવ મફતલાલ : ચિંતા જરાય ન કરશો આપણો કાર્યક્રમ ફ્લોપ નહી જાય. પેલા બિચારા બાપડાઓ આપણો કાર્યક્રમ ફ્લોપ નહી જવા દે. છોકરા છોકરીઓને તૈયાર કરી 'રથ' નું સ્વાગત કરશે. સાંસ્કૃતિક કાર્યક્રમો કરશે, શિક્ષકો ઓડિયન્સ બનશે. બસ ચિંતાનો વિષય જ નથી.

શિક્ષણમંત્રી : મારા બાળકો અને શિક્ષકો ના ભોગે... બધુ કયારે કરશે.... ?

સચિવ મફતલાલ : ચાલુ નિશાળે જ સ્તો... અગિયાર થી પાંચમાં અથવા વેકેશનમાં બોલાવવાના આમેય વેકેશનમાં તેઓ કયાં નિશાળે આવે છે ? આપણા કામમાં આવશે.

મુખ્યમંત્રી : વાહ, મફતલાલ તમે ખૂબ ઊંચું વિચારો છો. તમારા જેવા સચિવોની વધારે જરૂર છે. તમારા જેવા બીજે કયાંય દેખાય તો લેતા આવજો. ટિકીટ આપી દઈશુ. એ સિવાય કોઈ યોજનાનો હાલમાં વિચાર આવે છે?

મંત્રી ફોગટલાલ : અવાજ કરોને સરકાર, હાજર છે યોજના. હૈયે છે ને હોઠ પણ છે.

મુખ્યમંત્રી : જલ્દી બોલો, હવે મને ચેન નહી પડે તમે જલ્દી બોલો.

મંત્રી ફોગટલાલ : 'સર્વેક્ષણ કાર્યક્રમ'

મુખ્યમંત્રી : આ તે કેવો કાર્યક્રમ.... સર્વેક્ષણ કાર્યક્રમ બહુ ખબર ન પડી જરા વિગતવાર સમજાવો.

મંત્રી ફોગટલાલ : જુઓ 'સર્વેક્ષણ કાર્યક્રમ' મતલબ ગામ અને શહેરોના સર્વે કરવાના, સર્વે માં વસ્તી ગણતરી કાર્યક્રમ, એમાય પેટા વિભાગ જેવા કે ઢોરની ગણતરી, વિકલાંગ ની ગણતરી, એમાય અલગ અલગ, નાના વિકલાંગ કેટલા? મોટા વિકલાંગ કેટલાં, નિશાળમાં કેટલા ? ગામમાં કેટલાં ? કૂતરા કેટલા ? પાળેલા પટ્ટાવાળા કેટલા? , રખડતાં કેટલા ? એમાંય હડકાયા કેટલા ? ૦ થી ૫ વર્ષના બાળકો કેટલા ? માંદા કેટલા ? સાંજા કેટલા ? પંચાયત ના દફતરે કેટલા ? ઉબલખ કેટલા ? મર્યા કેટલા? જન્મ્યા કેટલા ? જીવ્યા કેટલા ગામમાં સાયકલો કેટલી ? સ્કુટરો કેટલા ? મોટરો કેટલી ? પાકા મકાન ધાબા વાળા કેટલા ? કાચા મકાન કેટલા ? નળીયા વાળા કે પતરા વાળા કેટલા ? અડુ અડુ - પડુ પડુ થતાં મકાન કેટલા ? ડોહા કેટલા ? ડોશીઓ કેટલી ? છોરા કેટલા? છોરીઓ કેટલી ?

વિધવા કેટલી ? પરણેલી કેટલી ? માંડેલી કેટલી ? ભાંડેલી કેટલી ? રંડેલી કેટલી ? ભણેલા કેટલા ? અભણ કેટલા ? ૧૫ થી ૩૫ વર્ષના અભણ કેટલા ? ૩૫ થી ૫૦ વર્ષના અભણ કેટલા ? ગામમાં ઝાડ કેટલા ? સરકારી કેટલાં ? પ્રાઈવેટ કેટલા ? ગામની મિલ્કત કેટલી ? જાહેર કેટલી ? સરકારી કેટલી ? પ્રાઈવેટ કેટલી ? (ખાનગી મિલકત કેટલી ?) નોકરી વાળા કેટલા ? નોકરી વગરના કેટલા ? રખડતા છોકરા કેટલા ? ભટકતા છોકરા કેટલા ? પૈણેલા કેટલા ? કુવારા કેટલા ? વાંઢા કેટલા ? વિધુર કેટલા ? પુરુષો કેટલાં ? સ્ત્રીઓ કેટલી ? એ બેમાંય ન હોય તેવા કેટલા ? જાતિઓ કેટલી ? નાતિઓ કેટલી ? ખેતરો કેટલા ? વાડવાળા ખેતરો કેટલા ? વાડ વગરના ખેતરો કેટલાં ? ગોચર જમીન કેટલી ? પડતર કેટલી ? પિયત કેટલી ? મંદિરો કેટલા ? દેવળ કેટલા ? મસ્જિદો કેટલી ? હજુય ઘણુ બધુ લિસ્ટ છે પણ ટુંકમાં એક ગામ કે શેહરની **A to Z** માહિતીનું સર્વેક્ષણ કરાવાનું.

મુખ્યમંત્રી : પણ આ બધું સર્વેક્ષણ કરવાથી આપણને શું ફાયદો ?

મંત્રી ફોગટલાલ : પાર વગરનો ફાયદો, **A to Z** સર્વેક્ષણ સર્વ કરવાથી ભવિષ્યની નવી નવી યોજનાઓ વિચારવાની ખબર પડે ? સર્વેક્ષણ કાર્યક્રમ એટલે નવા નવા કાર્યક્રમોની જનની સમાન કાર્યક્રમ, પ્રવેશ દ્વાર સમાન , અનમોલ કાર્યક્રમ તે માટે એક ઉ.દા. આપીશ, એટલે સમજાઈ જણે દા.ત. કૂતરાની ગણતરી કરાવીએ તે ઉપરથી ખસીકરણ કાર્યક્રમ બની શકે. ડોગ ફોર્સની રચના કરી શકાય સમજયા ?

મુખ્યમંત્રી : ફોગટલાલ ..... ફોગટલાલ.... તમે તો ખરેખર જોરાવર છો... કેટલી બધી તમારામાં સમજ અને સુઝ છે કઈ નિશાળમાં ભણ્યા હતા ?

મંત્રી ફોગટલાલ : નિશાળ તો કેવી ! માયબાપ ! માંડ સાત ચોપડી પાસ છું. તમારા જેવાઓએ આંગળી ઝાલી લીધી, અને રાજકારણમાં કેટલાંય નાંતરાં કર્યા ને, આટલે સુધી પહોંચ્યા છીએ સરકાર.

મુખ્યમંત્રી: ઘણું સરસ, ઘણું સરસ પણ યોજનાનો અમલ કેવી રીતે કરશું ?

મંત્રી આત્મારામ : માનનીય મુખ્યમંત્રી સાહેબ મેં અગાઉ પણ કહ્યું છે કે તેના માટે ગામ કે શહેરમાં એક. નવો ડિપાર્ટમેન્ટ ખોલીએ 'નવ નિર્માણ વિભાગ' તેમાં બેકાર યુવાનો - યુવતિઓને રોજગારી મળે અને તમારી યોજનાઓ પણ સરળ થાય.

સચિવ મફતલાલ : બોલ્યા... મોટા ... નવ નિર્માણ વિભાગ મંત્રી . ફોગટલાલે તમારે માટે જે કહેલું તે બરાબર સાચુ છે. તમે મુરખ જ નહીં પણ મુરખના સરદાર છો. અક્કલના ઓથમીર છો, હું મુખ્યમંત્રી હોત તો તમને લાત મૂકીને કાઢી મુક્યા હોત. પણ શુ કરું... (મુખ્યમંત્રી ની સામુ જોઈ) સરકાર. આ માણસની વાત પર વિશ્વાસ ન મૂકતા, તેમને હજુય ખબર નથી . આ તો ગાંધીજીનો દેશ-પ્રદેશ છે. સાદુ જીવનને ઉચ્ચ વિચાર... સાદગી અપનાવો સાદગી.... જુઓ ગાંધીજી કહેતા હતા કે ખાદી પહેરો. અમે આ ધોતીને ઝભ્ભો ખાદીનો પહેર્યો છે તેય પણ સસ્તો માત્ર ૫૦૦/- રૂપિયે મીટરનું જ કાપડ, ખાદી પહેરો ખાદી, સાદગી અપનાવો સાદગી. વચ્ચે બક બક ન કરો.

મુખ્યમંત્રી: તો હવે તમે જ કહો ને મફતલાલ યોજનાનું સાદગીપૂર્ણ અમલીકરણ કઈ રીતે કરશું?

મુખ્યમંત્રી : આપણું પેલું મફતીયુને ફફડતુ લશ્કર છ'ને - **All in One**. કાનમાં કહી દઉં, આપ સરકારના એજયુકેટેડ ગુલામો... સરકાર

મુખ્યમંત્રી : કંઈક સમજાય તેવું બોલોને મફતલાલ.

સચિવ મફતલાલ : પેલા પ્રાથમિક શાળાના શિક્ષકો.... સરકાર... સમજી જાવને.

શિક્ષણમંત્રી : આ કાર્યક્રમમાંય મારા શિક્ષકો ? આ શુ કહો છો ? ક્યારે કરશે બધુ ?

સચિવ મફતલાલ : 'અગિયાર થી પાંચમાં'..... 'અગિયારથી પાંચમાં'......

શિક્ષણમંત્રી : તો ભણાવશે કયારે ? આ બધુ શું થવા બેઠુ છે.

સચિવ અમથાલાલ : તમને અપણા મુખ્યમંત્રીશ્રીના દિવાસ્વપ્નનો જરાય ખ્યાલ નથી આવતો, જો થોડોય વિચાર કર્યો હોત તો આવી વાહિવાત વાતો ન કરતા શું કહેવુ છે સરકાર ?

મુખ્યમંત્રી : વાત સાચી છે અમથાલાલની, મારે બસ નંબર વન બનવું છે. મારો મોભો... મારી પ્રતિષ્ઠા.... મારું માન... સન્માન.... તે મહત્વનું છે. સુંદર યોજનાઓ પાર પાડવી જ રહી કરાવો અમલ ફેક્સ કરો. શિક્ષણ નિયામકોને.... (સચિવ નિયામકને ફેક્સ કરે છે નિયામકો ડી.પી.ઓ. ને, ડી.પી.ઓ. ટી.ડી.ઓ. ને ફેક્સ કરે છે. ટી.ડી.ઓ.તા. કે.નિ ને આદેશ આપે છે. તા. કે. નિ પે સેન્ટર ના આચાર્યને હુકમ કરે. પે સેન્ટર આચાર્ય, પેટા શાળાના આચાર્યને હુકમ બજાવે છે. શાળાનો આચાર્ય તે માટે મીટીંગ બોલાવવા છોકરાને મોકલીને શિક્ષકોની મીટીંગ માટે જાણ કરે છે. તે વખતે શિક્ષક બાળકોને ભણાવવા નું શરુ કરતા હોય છે.)

શિક્ષક : (બાળકોને).. જુઓ બાળકો દશરથ રાજાને ત્રણ રાણીઓ હતી એકનું નામ કૌશલ્યા, બીજીનું સુમિત્રા અને નાની લાડકી રાણી કૈકયી..... (ત્યાં બાળક બોલાવવા આવે છે.) :

સાહેબ, તમને સૌને આચાર્ય સાહેબ ઓફિસમાં બોલાવે છે. (શિક્ષકો કંટાળો બતાવતા ઓફિસમાં ભેગા થાય છે.)

મુખ્ય શિક્ષક : જુઓ શિક્ષક ભાઈઓ બહેનો દિન ત્રણમાં આ પરિપત્રો મુજબ કામ પાતાવવાનું છે. સ્વચ્છતા અભિયાનની કાર્યવાહી કરી, પત્રકો અહેવાલ તૈયાર કરી દો. સાક્ષરસ્તા અભિયાન ચાલુ કરી દો... સર્વેક્ષણ કાર્યક્રમનો અમલ શરૂ કરી દો.

શિક્ષક-૧ : સાહેબ હમણાં જ પ્રવેશોત્સવ ઉજવ્યો. ત્યાં શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાયની દરખાસ્તો બનાવી, પહોંચ તૈયાર કરી. સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારી કરવાની છે. પી.ટી.સી. તાલીમાર્થીનો દશ દિવસનો ઈન્ટરર્નશીપ કાર્યક્રમ આ બધામાં અમારું ભણાવવાનું બગડે છે. રહી જાય છે.

શિક્ષક-૨ : મારે સમાજવિદ્યામાં દશરથરાજાને ત્રણ રાણીઓ અને તેમને ચાર છોકરા થયા છે. ત્રણ છોકરા મોટા જ થતાં નથી. ત્યાં તમે પરિપત્રો લાવો છો. દિન. ૧, દિન.૨, દિન.૩ ના પરિપત્રો લઈને હિંડયા આવો છો, અમને ભણાવવા દો. આગળ રજૂઆત કરો કે કલાર્ક અને પટાવાળા આપો.

શિક્ષક -3 : ખાનગીશાળામાં બધી સગવડને આપણે લોહી ઉકાળા, ગામની કે શાળાની સફાઈ છોકરાં જોડે, પરિપત્રોનું પાલન અમારે કરવાનું, આ બધું કરશું તો ભણાવશું કયારે ? બધુ ક્રીમ ( એઝયુકેટેડ અને સમજુ વાલીના હોશિયાર બાળકો) ખાનગી શાળામાં જવા લાગ્યું છે. આપણી શાળામાં ગરીબ અને અભણ વાલીના બાળકો... એમાય... તમે પરિપત્રો.... લઈને આવો છો. અમારે ભણાવવું કયારે ?

આચાર્ય : તમારી બધી વાત સાચી છે પણ હું કંઈ કરી શકુ તેમ નથી ઓર્ડર એટલે ઓર્ડર... બસ... ઉપરથી કહેવામાં આવ્યું છે. આપણે બહું પંચાત માં નહી પડવાનું, હુકમ નો અમલ કરવાનો છે.

શિક્ષક -૪ : આટલું બધુ કરશું કયા સમયે ?

આચાર્ય : 'અગિયારથી પાંચમાં'....

શિક્ષક-5 : આપણા જેવા ગુલામોને વળી સ્વતંત્ર અભિવ્યકિત જેવું હોય જ નહી. તમારી સાચી વાત કોઈ સાંભળે તો ને !

આચાર્ય : હું તમારી લાગણીઓને સમજું છું. પણ હું પોતે લાચાર છું. પ્રવાહની સામે બાથ ભીડવા કરતાં પ્રવાહની સાથે રહીએ તો સુખીથી જીવાશે.

મુખ્યમંત્રી : **My Dear Friends....** આપણી યોજનાઓનું કામ કેટલે પહોચ્યું છે ?

સચિવ અમથાલાલ : સાહેબ, શિક્ષકોએ તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. દરેક જિલ્લા માંથી રિપોટીંગ થઈ ગયું છે. અધિકારીઓને સાબદા કરીને તપાસ માટે મોકલી દીધા છે. આપણું મફતીયુ લશ્કર જોર લગાવી... હૈશો... હૈશો.... કરીને લડી રહયું છે. ફતેહ.... સરકાર.... ફતેહ ..

શિક્ષણમંત્રી : મારા દેશના બાળકો અને તેમના શિક્ષણના ભોગે અને મારા શિક્ષકોની ચામડી ઉતારી લઈને જ સ્તો...

મુખ્યમંત્રી : મંત્રીશ્રી શું બબડો છો ? ઉતાવળે બોલો તો ખબર પડે ? કંઈ તમે પણ આ અમથાલાલ જેવી વિશિષ્ટ યોજના લાવ્યા છો કે શું ?

શિક્ષણમંત્રી : અહી અમારી સાચી વાત સાંભળે છે કોણ ? મારી પાસે તમારા આ અમથાલાલ જેવી કોઈ યોજના નથી. પણ મુખ્યમંત્રી સાહેબ એટલું યાદ રાખજો કે આ જ રીતે શિક્ષકો પાસેથી વધારાના કાર્યક્રમો હુકમના જોરે કરાયે કરશો તો હજુ એ બીજા 100 વર્ષ સુધી સાક્ષરતા કાર્યક્રમ અને પ્રૌઢ શિક્ષણ ચાલુ જ રહેશે નિરક્ષરતા દૂર થશે જ નહીં.

સચિય મફતલાલ : (ધીમેથી પ્રેક્ષકોની સામે) અમે તો એ જ ઈચ્છીએ છીએ ભઇ ...., ઘી કેળા છે.. ઘી કેળા.... તમને મૂર્ખાઓને શું ખબર પડે ? ખેંચાય એટલું ખેંચી લો. મળ્યું છે કે મળશે પછી તમારો કોઈ ભાવ નહીં પૂછે ! લક્ષ્મી સામે ચાલીને ચાંદલો કરવા આવે, ત્યારે મોઢું ધોવા ન જવાય !

શિક્ષણમંત્રી : મુખ્યમંત્રી સાહેબ... સાચુ સર્વેક્ષણ કરાવવું હોય તો એ કરાવો કે ખાનગી શાળા અને તમારી સરકારી શાળામાં શું તફાવત છે ? પહેલા એ પાકુ કરો કે તમારે નંબર વન બનવું છે કે તમારા પ્રદેશને નંબર વન બનાવવો છે? તેનો બરાબર વિચાર કરજો, કાગળ ઉપર તમે નંબર વન બનશો. પણ તમારો પ્રદેશ નંબર વન નહી બને.

મંત્રી આત્મારામ : શિક્ષણમંત્રી સાચું જ કહે છે. સાહેબ, જેનું કામ જે છે તેમને તે કામ કરવા દેતા નથી , પછી પ્રગતિ નહી અધોગતિ થશે અધોગતિ.

શિક્ષણમંત્રી : સાહેબ તમારી વિધ - વિધ યોજનાઓને કારણે સરકારી શાળામાં કોઈ જ વાલી ભણાવવા તૈયાર નથી. એ તો પેલા રડયા ખડયા ગરીબ અને અભણ વાલીઓ જ ભણાવે છે.તે પણ થોડા સબળાં થતાં તેમના બાળકો ને ઉઠાડી મુકશે. ને વાંક આવશે અમારા ડિપાર્ટમેન્ટ અને કર્મચારીઓનો એક દિવસ એવો આવશે કે ગામે ગામ સરકારી શાળઓને તાળા મારવા પડશે તાળા ?

મંત્રી ફોગટલાલ શિક્ષણમંત્રી : (ધીમેથી) અમે એવુજ ઈચ્છીએ છીએ.. ભાઈ... સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ અને કોલેજો ની મંજુરી આપવામાં એકલું માખણ મળે છે માખણ, ઘી... કેળાં..., ઘી કેળાં... કોના બાપની દિવાળી ?. **(K.B.D.)**

શિક્ષણમંત્રી: સાહેબ, શિક્ષકોની હાલત....કલાર્ક કરતાંય ભૂંડી થઈ છે. કારકુનો ને તો સારૂ છે કે તેમને ઓફિસલી કામ જ કરવાનું હોય છ.. જયારે મારા શિક્ષકોનો પટાવાળાથી માંડી કલાર્કનું કામને, પાછુ ભણાવવાનું તો ખરું જ અને સાહેબ... કાન ખુલ્લા રાખીને સાંભળજો, મારો અવાજ તમારા હૈયા સુધી પહોંચાડજો...સરકારી શાળામાં બાળકોને શાળાની સફાઈ કરવી પડે છે. બાળકો પાસે ગામની સફાઈ (વાર - તહેવારે) બગીચાને પાણી પાવાનું, વૃક્ષોનું કામ બાળકોને, બધું કામ બાળકો કરે છે. ઘરેથી માંડ માંડ સરખી રીતે તૈયાર થઈને આવ્યો હોય ને દશ પંદર મિનિટમાં તો મેલો ઘેલો થઈ જાય. નીચે બેસીને ભણે તમે શિક્ષકોને કામ ઉપર કામ સોંપ્યા કરો ,પછી કેવું ભણાવે ? કયારે ભણાવે? તમે જ વિચારોને એમાંય ઘણે ઠેકાણે જે આચાર્ય સારું કામ કરવું છે તેનું કંઈ ચાલે નહી. અને

ઘણે ઠેકાણે શિક્ષકોને સારું કામ કરવું હોય તો તેમનું ચાલે નહી. જેને જેમ કરવું હોય તેમ કર્યા કરે.... મારે શું ? પડે બધા ખાડામાં તેવું વિચારવાવાળા પણ પેદા કરવામાં આવ્યા છે. ખાનગી શાળાનું મેનેજમેન્ટ વાલી - શિક્ષક અને વિદ્યાર્થી ત્રણેય ને શિસ્તમાં રાખી શકે છે તેવું સરકારી શાળામાં શક્ય નથી રહયું. ઘણે ઠેકાણે અંધેર અંધેર ચાલે છે. ઉપરથી -નીચે સુધી, સાહેબ આ મારું અંગત સર્વેક્ષણ છે તેને બરાબર સમજો.

(મુખ્યમંત્રી ગાલે હાથ દઈ કંઈક સમજવાની કોશિશ કરવા લાગે છે ત્યાં તો બ્રેઈન વોંશીંગ ચાલુ ....)

મંત્રી ફોગટલાલ : સાહેબ... સાહેબ.... આ માણસની વાતોમાં ના આવશો. તમને ભરમાવી રહ્યો છે. તમારું બ્રેઈન વોશિંગ કરવા માગે છે. તેની વાતો બધી ભૂલી જાઓ. તમારું દિવાસ્વપ્ન અને આપણી નવી નવી યોજનાઓ પાર પાડી તો જ તમને નંબર વન બની શકશો. બીકણ કર્મચારીઓ ઉપયોગ કર્યા વિના ઉધ્ધાર નથી. તેના માટે વિદેશમાંથી લશ્કર ના બોલાવાય. હાથ માં આવ્યું તે હથિયાર... સાહેબ... કશો વિચાર ન કરશો. જુઓ મને નવી યોજના યાદી આવી છે. સાંભળો અને જલ્દી અમલ કરાવો. તમારી પ્રતિષ્ઠા મોભો તમારું નંબર વન બનવું.. જલ્દી યાદ કરો.

મુખ્યમંત્રી : (કંઈ અસંમજસ ની સ્થિતિમાં) હા.. હા... કદાચ તમે જ સાચા છો ફોગટલાલ.... હા. બોલો આપણા સૌના વિકાસની , મારા પ્રદેશના વિકાસની વાતો બોલો, યોજના કહો.

મંત્રી ફોગટલાલ : (ધીમેથી પ્રેક્ષકોની સામે) તમારો વિકાસને તમારો પ્રદેશ ગયો તેલ લેવા હું તો... મારા જ વિકાસની વાત કરીશ. વર... મરો.... કન્યા મરો..... પાણ ગોરનું તો તરભાણું ભરો..... અને આ મુખ્યમંત્રી તો સાવ ડફોળ છે કફોળ. પણ એમ કંઈ જોરથી ના કહેવાય. સિંહ ને કોણ કહેવા જાય કે તારું મોઢું ગંધાય છે. (મોટેથી) સરકાર તમે મારી યોજના સાંભળશો તો ખુશ થાઈ નાચી ઉઠશો.

મુખ્યમંત્રી : ...હા..... હા.... ફોગટલાલ હવે જલ્દી થી કહો. હવે હું મૂળ સ્થિતિમાં પાછો આવી ગયો છું. મારો મોહ નષ્ટ થયો છે. (નષ્ટો મોહ સમૃતિ ર્લબ્ધા ..કરિષ્યે વચનંમ તવ, ગતસ્ય મમ સંશય ) બોલો ... ખુશે થી બોલો .....

મંત્રી ફોગટલાલ (ધીમેથી પ્રક્ષકોની સામે) હું... અ.... હવે માતાજી મઢમાં આવ્યા. (મોટેથી) સાહેબ હમણાં વરસાદ ખૂબ પડયો છે. પુર જેવી કારમી આફતો આવી છે. લીલો દુકાળ પડે તેમ છે. તેના માટે અચ્છી યોજના વિચારી છે. પેલા મફતીયા લશ્કરને સાબદું કરી દઈએ, બધા રીપોર્ટ આવી જશે. સાથે-સાચા, પુર હોનારત સર્વેનો કાર્યક્રમ તૈયાર કરવા હુકમો કરો.

મુખ્યમંત્રી: મારું હાળું કેવુ પડે હો ! આપણું મફતીયું લશ્કર કામ સારું કરી દે છે. ઘણા તો જરૂર ના હોય તેની માટે ગાંઠના પૈસા ખર્ચી ફાઈલો બનાવી તેમાં ચિતરામણ કરીને મોકલાવે છે. આપણા એજ્યુકેટેડ ગુલામો ચોકસાઈ સારી રાખે છે.

સચિવ અમથાલાલ : એટલે તો સાહેબ ગમે ત્યારે એમને જ પકડવાનું મન થાય છે. તલાટીઓ અને સરપંચોનો અળા દે તેવા નથી. એટલે પેલું લશ્કર સાબદુ કરી દો.

શિક્ષણમંત્રી: સાહેબ તેના માટે ગામોના સરપંચો અને પંચાયતોના સભ્યોને સાબદા કરો. તલાટીઓને સાબદા કરો એમાંય મારા શિક્ષકો... હા... બહુ જરૂર જણાય તો સાથે સહકાર આપે પણ તેમની ઉપર બધી જવાબદારી ઠોકી ન બેસાડો.

સચિવ અમથાલાલ : તમે બહુ જ વચ્ચે -વચ્ચે બફાટ માર્યા કરો છો ને, હવે બહું બોલશો નહિ. અમલ થવા દો. (યોજનાઓ અમલ થાય છે. થોડો દિવસ પછી મુખ્યમંત્રી બેઠક બોલાવે છે.)

મુખ્યમંત્રી : યોજનાઓ સારી રીતે પાડ પડી રહી છે. મને લાગે છે કે આપણા લશ્કર વગર યોજનાઓ વાંજણી થઈ જાય. હજુ કોઈ યોજના યાદ આવતી હોય તો દિમાગ લગાવો.

સચિવ મફતલાલ: સાહેબ, તદ્દન નવી નોકર યોજના, સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રધ્ધાંજલી આપતો કાર્યક્રમ 'શહીદી કુંભ યાત્રા' નો કાર્યક્રમ ગામે ગામ અને નગરે નગરના રસ્તાઓ માણસોથી ઉભરાય જાય, તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓને સન્માન આપો. તમારી વાહ વાહ થઈ જશે.

મુખ્યમંત્રી : યોજના તો બહું સારી છે પણ લોકો રસ્તાઓ ઉપર આવશે કાર્યક્રમ નિહાળવા ? ફિયાસ્કો તો નહી થાય ને કાર્યક્રમ ફ્લોપનો નહી જાય ને !

મુખ્યમંત્રી મંત્રી ફોગટલાલ : સાહેબ, **Don't Worry** શાળાના બાળકો અને શિક્ષકોની કતારો ગોઠવાવી દઈશું. માનવ મહેરામણ દેખાશે. ઠેર ઠેર સ્વાગતો થશે. સવારથી જ બોલાવી દઈશુ. લોકો નહી આવે તો કંઈ નહી લશ્કર તો છે જ ને !

મુખ્યમંત્રી : હા....હા.... બરાબર ચાલો આનો અમલ કરાવો. તમામે તમામ શહીદોને મારા હાથે શ્રધ્ધાજલી અપાવો. બધે મારી વાહ વાહ થવી જોઈએ.

શિક્ષણમંત્રી : એમાંય... મારા માણસો, શું થવા બેઠુ છું. આ દેશનું ! લોકોમાં દેશ માટેની ભાવના જગાડી નથી ને , શહીદી કાર્યક્રમ કરવો છે. અને લોકો નહી આવે તો કંઈ નહી શાળાના બાળકો અને શિક્ષકો ને... જો જો... હો મારા બાળકોને તડકામાં તપાવશે આ લોકો , તેમને નહી છોડે લાચાર છું. . હું .

મુખ્ય મંત્રી : તાત્કાલિક અમલ કરાવો.

સચિવ અને મંત્રીઓ : (એક સાથે) જી સસ્કાર. તમારો આદેશ સર આંખો પર અમલ થઈ ગયો જ સમજો

(થોડા સમય પછી )

મુખ્યમંત્રી : વાહ.... વાહ.... કેવી સુંદર યોજનાઓ પાર પડી, મારા મંત્રીઓ સચિવો હવો સૌથી મોટો કાર્યક્રમ આવી રહ્યો છે. સરકારના પાંચ વર્ષ પુરા થયા છે. હવે ચુંટણી કાર્યક્રમની તૈયારી કરો.

શિક્ષણમંત્રી : (પ્રેક્ષકોની સામે જઈને). જો જો હો... આમાંય મારા શિક્ષકોનો સ્ટાફ મોટા ભાગનો હશે. તેમની મીટીંગો ભરાશે, તેમને ટ્રેનીંગો અપાશે. પછી ચુટણીમાં બે ત્રણ દિવસની કામગીરી સોપશે. (રાષ્ટ્રીય કામગીરીની બીક બતાવીને) બધુ બાળકોના શિક્ષણના ભોગે. પેલા ખાનગી સ્કુલો વાળા ને કંઈ નહી તેમને માત્ર ભણાવવા સિવાય બીજુ કંઈ નહી કરવાનું, ને સરકારી શાળાના કર્મચારીઓને ભણાવવા સિવાય બધું જ કરવાનું !! ક્યાંથી પ્રગતિ થશે. ? જુઓ આમનું દિવા સ્વપ્ન હા....હા.......(નિશાસા સાથે )

મુખ્યમંત્રી : મિત્રો, મારા વ્હાલા મંત્રીઓ, ચુંટણીનો કાર્યક્રમ હેમખેમ પાર ઉતર્યો છે. હવે પાછા વિકાસના માર્ગે આગળ વધીએ કંઈક નવા પ્રોગ્રામો ઘડીએ. નવી યોજનાઓ બહાર પાડીએ. ઉત્સવોની ઉજવણીઓ કરીએ જલ્દી વિચારો... જલ્દી... વિચારો.

સચિવ મફતલાલ : માનનીય મુખ્યમંત્રી સાહેબ, સમાજમાંથી શિક્ષણ જગતના અવળા પડઘા પડી રહ્યા છે. શિક્ષણ ખાડે ગયું છે. તેવો સુર સમાજમાંથી આવી રહ્યો છે. તેના માટે ની તપાસ કરાવો.

મુખ્યમંત્રી : શું વાત કરો છો ? મફતલાલ આપણી સરકાર છેલ્લા દશ વરસથી ગ્રાન્ટો આપે છે. પ્રાથમિક શિક્ષકોને પાર વગર ની તાલીમો આપીને ટ્રેઈન કરી ઘોડા જેવા કરી દીધા છે. છતાંય શિક્ષણ ખાડે ગયું છે. શિક્ષકો કરે છે શું ? આટલી તાલીમો અને ખર્ચાઓ પછી પરિણામ શુન્ય. તો તેના માટેની તપાસ સમિતિ રચો. કોઈ અલગ શિક્ષણ સુધાર કાર્યક્રમ કરો, પણ શિક્ષણની ગુણવત્તા સુધરવી જ રહી.

મંત્રી ફોગટલાલ: આપણે ઘણા ઉત્સવો ઉજવીએ છીએ. તેમાં એક ઉત્સવ વધારી દઈએ. શાળા ગુણોત્સવ એમાં સ્કુલોની તપાસ શરૂ કરાવી દો. શિક્ષકોએ શિક્ષણકાર્યમાં કેટલી ગુણવત્તા વધારી ? તેના માટેનું નિરીક્ષણ કરવા માટે અધિકારીઓની ટીમો બનાવી દો . બસ એ જ હવે તો કરવા જેવું લાગે છે.

શિક્ષણમંત્રી : ( પ્રેક્ષકો અને બધાને સાંભળતાં) જુઓ, હું કેટલાય સમયથી કહેતો હતો. કે છેવટે રેલો કયાં આવ્યો? મારા જ પગમાં ને ! મારા બાળકો અને શિક્ષકોના ભોગે પ્રતિષ્ઠા વધારીને, છેવટે તેમના પગ પર કુહાડીઓ મરાશે. અરેરે...મને શિક્ષણ મંત્રી બનાવ્યો છે, તો મને પૂછો કે શિક્ષણ કેમ ખાડે ગયું છે ? તેનો મારે તમને અને સમગ્ર સમાજની આગળ ચિંતાર રજુ કરવો છે. તમે શિક્ષકોને જરાય વર્ગમાં બેસવા દીધા છે? સરખી રીતે કામ કરવા દીધુ છે. તાલીમોના નામે કરોડો રૂપિયાના ધુમાડા કરવામાં આવ્યા છે, તે રૂપિયા પણ વિશ્વબેંક પાસેથી લોનો લઈને લાવ્યા છો.! તો તે તાલીમો પણ બાળકોના શિક્ષણના ભોગે ! હું પુછુ છુ કે કેમ ખાનગી શાળાઓને તાલીમો અપાતી નથી? તેમના શિક્ષકો તો પી.ટી.સી. પાસ પણ હોતા નથી. તેની કોઈ દિવસ તપાસ કરી છે ? કેમ તેમને ચુંટણીમાં જોતરવામાં આવતા નથી ? કેમ તેમની પાસેથી કલાર્કનું કામ કરાવવામાં આવતુ નથી.?

ખાનગી શાળાઓમાં ક્રીમ બાળકો (હોશિયાર બાળકો) ને જ પ્રવેશ અપાય છે. પ્રથમ બાળકોના ઈન્ટરવ્યું લેવાના, વધુ ટકાવારી વાળા હોશિયારની જ પ્રવેશ આપવાનો, પછી તો ગુણવત્તા દેખાવાની છે ને !! દર્પણ જેવું સ્પષ્ટ છે !! અમારી શાળામાં તો મંદ બુદ્દિધ(M.R.) બાળકોને શિક્ષણ આપવાનું કામ કરવાનું, કોઈ બાળકને ના નહીં પાડવાની, કોઈને પાછો નહીં કાઢવાનો, ઈન્ટરવ્યુંની વાત જ નહીં તો, તેઓ નિયમ ખાનગી સ્કૂલોમાં કેમ નહીં ?

પ્રવેશ આપવા કાર્યકમો માં પણ દશ થી પંદર દિવસ બગડવાના , એમાંય બાળકોના સર્વેક્ષણ કરવાના, ખાનગી માં પ્રવેશ આપવામાં એક દિવસ પણ બગડે છે? તેના શિક્ષકોને સર્વે માટે મોકલવામાં આવે છે ? કરો તપાસ તો ખબર પડે ? ૦ થી ૫ વર્ષના બાળકોની ગણતરી વર્ષે વર્ષે કરવાની ? આ કામ આંગણવાડીનું છે, તો પણ પ્રાથમિક શાળાના શિક્ષકો કરે ! ગામના વિકલાંગોની ગણતરી કરવાનું કામ પણ શિક્ષકો કરે. પ્રવેશઉત્સવમાં પંદર દિવસ બગડે, અરે સાહેબ વેકેશન ખુલવાના પહેલા દિવસે શાળામાં માંડ પાંચ સાત બાળકો આવે કેમ ? ખબર છે ? આખા વેકેશનનો કચરો સાફ કરવાનો હોય છે. બાળકોના વાલીઓ જ બાળકોને કહેતા હોય છે કે <u>" બેટે સ્કુલ મે મત જાના વાર્તા સફાઈ કરતી પડેગી"</u> , પેલા છોકરાના મગજમાં ઘુસી જાય પહેલા ચાર પાંચ દિવસ સ્કુલમાં નહી જવાનું, સફાઈ કરવી પડશે બોલો આવું છે !!! પેલી ખાનગી શાળામાં ? પહેલા જ દિવસેથી બાળક તૈયાર થઈને આવે ને પીરીઅડ મુજબ ભણાવવાનું શરૂ થઈ જાય. ... જયારે સરકારી શાળામાં.. પ્રથમ દિવસથી જ શિક્ષકોને તાલીમો પછી સર્વેક્ષણ કરવાનું પછી પ્રવેશોત્સવ કાર્યક્રમ ઢોલ વગાડીને બકરા (છોકરાં નહી કહું) વાડામાં ભેગાં કરવાનાં, પછી શિ. વૃત્તિ- ગણવેશ સહાયની દરખાસ્તો તૈયાર કરવાની, તેમાંય તેના ફોર્મ હોય નહી, તેની ઝેરોક્ષ કોપીઓ કરવાની, ફોર્મ આપવાના નહી ને ટાઈમ ટુ ટાઈમ શિષ્યવૃત્તિ-ગણવેશ દરખાસ્તો તૈયાર કરી કચેરીમાં પહોંચતી કરવી નહિ તો, જે તે આચાર્યની જવાબદારી થઈ જાય. તે પતી જાય પછી તેની વહેચણી કામગીરી કરવાની...આ બધુ કયારે અગિયાર થી પાંચમાં ...પાછા આપણા માનવંતા સચિવો મંત્રીઓ એવી માત્ર મૌખિક સુચનાઓ આપે કે બધુ શાળા સમય પછી કરવાનું.....

સાહેબ... આ તો કારકુનગીરી કહેવાય. તે પણ મારા શિક્ષક પાસે કરાવવાના પાછા શાળા સમય પછી અલ્યા ! આટલા બધા કરોડો રૂપિયા અવનવી યોજનાઓ અને ઉત્સવોમાં ખર્ચો છો તો દરેક શાળામાંથી નહી તો, પે સેન્ટર શાળા પુરતો કલાર્ક આપી દો તો બધી પેટા શાળાની કામગીરી કરે, બીજું દરેક સ્કુલમાં સફાઈ કામદાર કમ માળી આપો તો શાળા અને બગીચા સારો રાખે. અહીં મારી વાત સાંભળે છે કોણ ? તેવી વાત કરીએ ત્યાં કરકસર કરવાની તેવો જવાબ મળે ? જયાં કરવાની છે ત્યાં કરકસર કરવી નથી ને જયાં જરૂર છે ત્યાં કરકસર કરવાની. અરે આવી સિસ્ટમ ખાનગી શાળામાં છે ? (કરકસરની) તેના શિક્ષકો પ્રવેશ કાર્યક્રમ કરે છે ? તેના શિક્ષકો શિ.વૃત્તિ દરખાસ્તો બનાવે છે ? શિ. વૃતિની વહેચણી કરે છે ? અહીં બાળકોને મફત પુસ્તકો આપવાના હોય ત્યારે શિક્ષકોને બોલાવીને મજુરોની જેમ પુસ્તકો ઉપાડવાનું કામ સોંપાય છે. શિક્ષકો તો મજુરો છે ? મજુર બનાવી દીધા છે. એવું કામ ખાનગી શાળાના શિક્ષકો ને કરવાનું હોય છે ?

હજુ મને કહેવા દો સાહેબ, વિધા સહાયક યોજનાની સ્કીમ પણ સૌથી પહેલા પ્રાયમિક શાળાના શિક્ષકોમાં શરૂઆત કરી. તેમને ખબર હતી. આ મોટી બીકણ ડરપોક ફોજ તેનો વિરોધ નહી કરે. કરકસરના બહાને શિક્ષકોનું શોષણ થઈ રહયુ છે. દશમા ધોરણમાં નાપાસ થનારો ફેકટરીમાં નોકરી કરે તો તેને રોજના સો સવાસો રૂપિયા આપવામાં આવે છે. ને જયારે ઉંચી ટકાવારી સાથે ખર્ચો કરીને પી.ટી.સી. ભણેલા શિક્ષકો ને રોજના પુરા પંચાશી રૂપિયાય મળતા નથી. બાપડો બિચારો શિક્ષક મહિને પચીસો રૂપિયા લઈને મજુર કરતાં પણ નીચી કોટીમાં મુકી દીધો છે. અરે... મારા શિક્ષકોને કેન્દ્રના ધોરણે પગાર આપવાની વાત જો અમે કરીએ છીએ તો માનનીય સાહેબના સચિવો એવી સલાહ સૂચનો આપે છે. કે તેમને વળી ખર્ચ કેવા હોય ? બિચારાઓને શાક પાંદડુ ગામમાંથી મફત મળ્યા કરે. એટલે તેમના પગારમાં કાવ કરો તોય થાલે, જુઓ તો ખરા આ લોકોની રીતિઓ નીતિઓ ખુલ્લાં કાન કરીને સાભંળજો સાહેબો, ઢોલ વગાડીને ગમે તેવાં બકરા ભેગા કરવાનાં, ગાંડા ઘેલાં તમામને પ્રવેશ આપવાનો, જો ગામમાં કોઈ બાળક પ્રવેશ વગરનું રહી જાય તો તેની જવાબદારી સર્વે કરનાર શિક્ષકની અને જે તે શાળાના આચાર્યની... અને એના મા બાપ ની કોઈ જવાબદારી નહી ? એને તો છોકરા જણી જણીને ફેંકી દેવાનાં ? એની કોઈ જવાબદારી નહી. ? એના માટે કોઈ કડક શિક્ષા નહી. એની ઉપર કોઈ કડક કાર્યવાહી નહી બધી જવાબદારી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોની.

સાહેબ આમને આમ વાલીઓ રીઢા થઈ ગયા છે તેમને તેમની પોતાની જવાબદારીનું ભાન કરાવો. પણ ના... એમના ભાગે માત્ર એક જ કામ... છોકરાં પેદા કરવાનું કામ કરવાનું. બસ બાકીનું બીજાઓ સંભાળે છે ને ! એમના મગજમાં એવું ઘુસી ગયું છે કે શિક્ષકો ઘરે ઘરે બાળકોને લેવા આવે છે. આપણે શું કામ શાળામાં જઈએ ? આપણે શું ? સરકાર કરશે.બધુ સાહેબ મારી વાત ધ્યાનથી સાભંળો. બાળકોને શાળામાં પ્રવેશ આપવાની જવાબદારી એના મા બાપની છે. પાંચ વર્ષે પુરા કરેલા પોતાના છોકરાને શાળામાં પ્રવેશ આપવા ના આવેતો તેના માટે કડક કાર્યવાહી હાથ ધરો, તેમના રેશન કાર્ડ જપ્ત કરો. કેરોસીન બંધ કરો. વીજળીનું કનેક્શન કાપી દો. તેમને મળતી સહાયો અટકાવો તો હમણાં લાઈન ઉપર આવી જાય.... પણ...ના એવુ તો... કરવુ નથી... આપણી સરકારોને બીક લાગે લોકોની, કદાચ એવુ કરવા જઈએ કરવા જઈએ તો કયાક પાછુ ચુંટણીમાં પરિણામ બદલાય તો ઘર ભેગા થવુ પડે તો આપણી રાજસત્તા ઉથલી પડે ને! પેલુ મફતીયુ લશ્કર લડે છે. તેને લડવા દોને. આપણે લોકો ઉપર કડક થવુ નથી. પેલા બાપડાઓ ઉપર કડક થઈએ એટલે કર્યા કરશે ગધ્ધા વૈતર્યું. ના પાડવાની હિંમત છે તેની ?

મારા સાહેબ મારે તમને આખો ચિતાર આપવો છે શિક્ષણ કેમ ખાડે ગયું છે.? કોમ્પ્યુટર માસ્ટર અને પી.ટી.સી. પાસ નિષ્ણાંત શિક્ષકો હોવા છતાં સરકારી શાળઓ કેમ બદતર બની ગઈ છે.? સાભંળો... સાંભળો.. શિક્ષકોને કરવાના... કાર્યક્રમો સાંભળો. ૦ થી ૫ વર્ષના બાળકો સર્વેક્ષણ, શાળામાં ભણતા અને ગામમાં હોય તેવા વિકલાંગ બાળકો નો સર્વેક્ષણ, ક્ષિતિજ કાર્યક્રમ, એડપ્સ કાર્યક્રમ, વોકેશનલ કાર્યક્રમ, વાંચન પ્રવૃતિનો કાર્યક્રમ, સખી કાર્યક્રમ, મીના પંચ કાર્યક્રમ, રમતોત્સ્વ કાર્યક્રમ, ગણિત વિજ્ઞાન પ્રદશનો, બાળમેળાઓ, પ્રવેશોત્સવ કાર્યક્રમ, સાંસ્કૃતિ કાર્યક્રમોનો તો પાર નહી. ૧૫ મી ઓગસ્ટ, ૨૬ મી જાન્યુઆરી. તે ખરો જ પણ સાથે સાથે મહાન નેતાઓની જન્મ જયંતિઓ વખતે સાંસ્કૃતિક કાર્યક્રમ, તેમજ અલગ સ્પર્ધાવાળા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ ખરા, રચના કાર્યક્રમો, વાંચન ગણન લેખન (વા-ગ-લે)

કાર્યક્રમ, ચાલો વાંચીએ અભિયાન, કિચન ગાર્ડન કરવાનાં, સરગવાનાં અને મીઠા લીમડાના વૃક્ષો વાવવાના, ઔષધિ બાગ, તુલસી વન, તૈયાર કરવાનું, શાકભાજી અને ફળાઉ વૃક્ષો વાવવાંનાં, નિશાળમાં ચબુતરાં કરાવાના, ઉકરડા કરવાના, સેન્દ્રિય ખાતર તૈયાર કરવાનું, શાળાને રીપેરીંગ કરવાની, પરબો સાફ કરવાની, ક્લોરીનેશન કરવાનું, શાળાની- ગામની સફાઈઓ, મહા સફાઈ, આંખોની તપાસની કામગીરી, વૃક્ષારોપણ કાર્યક્રમ, સરકારી કાર્યક્રમોમાં સ્વાગત ગીતો, ઈ.ડી.એન. ટેન તાલીમ, સાક્ષરતા કાર્યક્રમ, દાદા દાદી ડે, જેન્ડર એજ્યુકેશન કાર્યક્રમ, મા બેટી સંમેલન, વાલી સંમેલન, એમ.ટી.એ., પી.ટી.એ. વી. ઈ.સી.ની મીટીંગો, પિતૃ સંમેલનો, ગ્રામ સભાઓ, ટી.એલ.એમ. નિર્માણ કરવાની પ્રવૃતિઓ, ટીવીના શૈક્ષણિક કાર્યક્રમો, વરસમાં બે વાર પી.ટી.સી. તાલીમાર્થીઓની ઈન્ટરર્નશીપ કાર્યક્રમો, તેમનોય સાંસ્કૃતિક કાર્યક્રમ, પરિપત્રો મુજબ પત્રકો બનાવવાના દિન ૧ અને દિન ૨ માં બનાવવાના પગારબીલથી માંડીને તમામે તમામ પત્રકો તૈયાર કરવાના એક પત્રક તાલુકા પંચાયત વાળા મંગાવે, તે જ પત્રક એસ.એસ.એ.એમ. વાળા મંગાવે, મામલતદારના પરિપત્રો અને પત્રકો... જાણે બોળી બામણી નું ખેતર જ સમજી લો..ને..

ચૂંટણી કાર્યક્રમ ફોટો ઓળખપત્રના કાર્યક્રમો, મતદાર યાદી બનાવવાની, સુધારવાની, પુરવણી યાદી બનાવવાના કાર્યક્રમ " ગણ્યા ગણાય નહિ સાબડીમાં માય નહીં, તોય મારી પ્રાથમિક શાળામાં માય" કેટલા બધા કાર્યક્રમ આ કાર્યક્રમમાં કરવાના ક્યારેય 11 થી પાંચમાં ....11 થી પાંચમાં ....બોલ જવાબ આપો મારા સાહેબ. આ બધા કાર્યક્રમો ખાનગી શાળા વાળા કરે છે? ખાનગી શાળાના શિક્ષકોને આવા કાર્યક્રમમાં જોતરવામાં આવે છે ? ના..ના.. ના..ના ...કેમ ? કેમ? કેમ? તેનો જવાબ તેમને આવા કાર્યક્રમના અપાય અને આપો તોય મારા વાલા કરે નહીં. એ તો અમારી દૂધની ગાયો છે એને બાપા વખા ન પડાય. દૂધ આવતું બંધ થઈ જાય. દૂધ બંધ થઈ જાય તો માખણ, ઘી, ચીજ ક્યાંથી બને એમની વાત જ ના કરશો. અમારી પાસે તો પેલું મફતયુ લશ્કર છે ને ! જ્યારે દબડાવવાના હોય ત્યારે દબડાવી શકાય, જ્યારે ગબડાવાના હોય ત્યારે ગબડાવી શકાય, બીવડાવવાના હોય ત્યારે બીવડાવી શકાય, ધમકાવવાના હોય ત્યારે ધમકાવી શકાય, રોવડાવવાના હોય ત્યારે રોવડાવી શકાય, વાંકા પાડવાના હોય ત્યારે વાંકા પાડી શકાય. એમની ઉપર છેવટે ઘોડો થઈ શકાય. કડક હાથે કામ લઈ શકાય. બધું કરી શકાય ને ? છેવટે તેમના પગમાં રેલો પણ નાખી શકાય ? કેમ શિક્ષણ નબળું છે? શિક્ષણ સુધારો નહીં તો તમારું ઈન્ક્રીમેન્ટ અટકાવી દઈશુ. લીધા હશે તો પાછા લઈ લઈશું. બાપડો સરકારી ગુલામ ઘાંચીનો બળદ શું કરી શકવાનો છે કે કોઈની હિમંત ચાલતી નથી સામે બોલવાની કે ના પાડવાની... બસ છાતીએ હાય સીધો... હથેળી નીચે.. રાખી... માથુ ઝુકાવી.. યસ.. સર..., યસ... સર,.. કહ્યા જ કરવાનું , પણ બસ સર બહુ થયું ...કહેવાની તેવડ જ રહેવા દીધી નથી. આને કહેવાય ગુલામશાહી.

માનનીય મુખ્યમંત્રી સાહેબ, આવું ને આવું ચાલતુ જશે તો તો આવતાં બીજા ૧૦૦ વર્ષો સુધી પણ સરકારી શાળાઓનું શિક્ષણ સુધરવાનું... નથી .. નથી ..... અને... નથી... લાવો હું તાંબાના પતરા પર લખી આપુ છું, તમે અને તમારું આ મેનેજમેન્ટ શિક્ષણના મૂળના બદલે પાંદડે પાણી પાઈ રહ્યા છે. તમને સલાહ આપવાવાળાના મનના મેલા છે. કાંતો તેમના માઈન્ડ ડિફોલ્ટ વાળા છે. તે બરાબર છે. સમજો તમે મને શિક્ષણ મંત્રી બનાવ્યો છે, તો નાને મોઢે મોટી વાત ! ગમે કે ન ગમે સાંભળો, તમારા દેશ-પ્રદેશમાં શિક્ષણ સબળું કરવું હોય તો હું કહુ તેટલા મુદ્દા ઉપર વિચાર કરીને અમલ કરાવજો પછી જો જો.. એના સોનેરી પરિણામ, નોંધવા હોય તો નોંધાવી લો મારા મુદ્દા.

૧) શાળાનો સમય આપણા દેશની ભૌગોલિક પરિસ્થિતિ મુજબ રાખવો. સવારે ૧૦-૦૦ થી ૬-૦૦ વાગ્યાનો કરવો. તેમાં ૧૦-૦૦ થી ૧૧-૦૦ સુધી પ્રાર્થના યોગ કાર્યક્રમ, ૧૧ થી ૫ શિક્ષણકાર્યક્રમ, ૫-૦૦ થી ૫-૩૦ સુધી બાળકોને રમત ગમત. ૫-૩૦ વાગે બાળકો મુકત. ૫-૩૦ થી ૬-૦૦ વાગ્યા સુધી શિક્ષકો હાજરી આપે તે પણ માત્ર શૈક્ષણિક દફતરી કામ કરવા માટે –

૨) વેકેશન સદંતર બંધ કરવું. દિવાળીમાં માત્ર ૧૦ દિવસનું વેકેશન અને શિક્ષકોને હક રજા આપવી.

૩) પે સેન્ટરદીઠ એક કારકુન અને તમામ શાળાઓને એક સફાઈ કામદાર- ક્રમ -માળી રાખવો.

૪) શાળા પ્રવેશ કાર્યક્રમમાં બાળકોને પ્રવેશ અપાવવાની જવાબદારી વાલીઓની ફિક્સ કરો.વાલીઓ પર કડક હાથે કામ લઈને જાગૃત કરો.

૫) પ્રાથમિક શાળાના આચાર્યને શૈક્ષણિક કામગીરીથી મુકિત. તે માત્ર શાળા સંચાલન અને વર્ગ નિરીક્ષણ કાર્ય કરે તેવું કરો.

૬) આચાર્યને સત્તા આપો. જેથી શિક્ષકો અને વાલીઓને કાબૂમાં રાખી શકે.

૭) શિક્ષણ સિવાયના તમામ વધારાના કાર્યક્રમો સદંતર બંધ કરો.

૮) તાલીમો ગોઠવવી હોય તો, વેકેશનના સમયમાં ગોઠવવી.

૯) ખાનગી શાળાની પ્રવેશ પદ્ધતિ ટકાવારી મુજબની નાબૂદ કરો. સમાન પ્રવેશ પદ્ધતિ રાખો.

૧૦) શિક્ષકોને કેન્દ્ર ધોરણે પૂરો પગાર (ફિક્સ સિવાય) આપો .

૧૧) દરેક કર્મચારીને 24 કલાકનો કર્મચારી જાહેર કરવો. મેનેજમેન્ટ ગમે તેટલો સમય જરૂર પડે તે માટે રોકી શક (મહિલા કર્મચારીને રાત્રિના સાતથી સવારના સાંજ સુધી મુક્તિ)

૧૨) શિક્ષણ સિવાયના શિક્ષણને લગતા કાર્યક્રમો સાંજે 5:30 થી 6 કલાકમાં કરવાના.

૧૩) નવ નિર્માણ સેલની રચના કરી યુવા બેરોજગારને કામ સોંપવું.

મારા વાલા મુખ્યમંત્રી , મારો આ તેર મુદ્દાનો કાર્યક્રમ અપનાવી પછી જુઓ !. કેવું ચટાકેદાર શિક્ષણ બને છે? આ તો માત્ર 13 મુદા શિક્ષણ સુધારવાના છે, બાકી સાચી કેળવણી તો ફળીભૂત થઈ શકશે નહીં, તેના માટે તો અલગ વિશિષ્ટ શિક્ષણ વ્યવસ્થા ગોઠવવી પડે. તેની વાત મારે અત્યારે તમને કહેવી નથી. માનનીય મુખ્યમંત્રી તમારા પ્રદેશ ત્યારે જ નંબર વન બનશે પછી તમે આપોઆપ નંબર વન બનશો. તમારી પ્રતિષ્ઠા વધશે. તમારી નામના વધશે. તમારું માન સન્માન વધશે. બસ મારે હવે કંઈ કહેવું નથી, બાકી તો તમે જાણો અને તમારું કામ જાણે.

મંત્રી આત્મારામ : શિક્ષણમંત્રીએ જે કંઈ પણ કહ્યું તેને માટે મારો સંપૂર્ણ ટેકો જાહેર કરું છું.

સચિવ ૧,૨ અને મંત્રી ફોગટલાલ : (ત્રણેય એકી સાથે) સાહેબ... આ માણસની વાતોનાં ના આવતા તમારા મગજનું બ્રેઈન વોશ કરી રહ્યા છે.

મુખ્યમંત્રી : ચુપ થઈ જાઓ.... નાલાયકો.... બસ હવે બહું થયુ. અમથાલાલ, મફતલાલ, ફોગટલાલ તમારી વાતોમાં આવીને મે યોજનાઓ તો ઘણી કરી, પણ તેમાં તમે માત્ર તમારી દુધ મલાઈ જોઈ. હું તો ખરેખર મારા પ્રદેશને સારો કરવા માગતો હતો. પણ તમે મને ખોટી સલાહો આપી છે. હવે સત્ય શું છે તે મને સમજાયુ છે. તમે તમારા પેટ ભરવા માટે જ મને અવળી સલાહ આપતા હતા. મારું ધ્યેય તો સુંદર હતું. તમારા જેવા કાગડા જેવાની સંગતથી મારી યોજનાઓ માત્ર ને માત્ર કાગળ ઉપર સફળ રહી (કાગળીયા કહોર). આ... હંસ જેવા શિક્ષણમંત્રીની સલાહ થી જ હું નંબર વન ખરા અર્થમાં બની શકીશ .તેવી મને પૂર્ણ શ્રધ્ધા અને સંપૂર્ણ વિશ્વાસ મારા હૃદયમાં થયો છે. હું ખોટે ખોટો તમારી વાતોમાં આવી ગયો. મારા અમૂલ્ય નાણાં અને સમય વેડફ્યા. તમારા જેવાની મારે જરૂર નથી...ચાલ્યા જાવ... સ્વાર્થી કપટી અને લુચ્ચાઓ.... " મેરી નજરો સે દુર હો જાઓ.. વરના મેં તુમહારી બોટી બોટી નોંચ લુંગા" . મારે તમારી કોઈ જ જરૂર નથી. મારી આંખો હવે સાચેજ ઉઘડી ગઈ છે. (નષ્ટો મોહ સ્મૃતિ ર્લબ્ધા ) હવે તો સાચા વિકાસ અને સાચી પ્રગતિના માર્ગે જ આગળ ડગ માંડવા છે.

શિક્ષણમંત્રી :  આ બધું કરશો કયારે ? અગિયાર થી પાંચમાં ?

મુખ્યમંત્રી ............ના..... આજની સવારથી , કાલના ઉગતા પરોઢ સુધી જ...

આજા માનવના
જય ભગવાન જય પરમાત્મા.
(વૈશ્વિક જીવન દર્શની )
"  અંતરની એરણ થી "